# વાત ગાંધીનગરની

શહેરની સરકારી કચેરીઓ દિવસ દરમ્યાન મિટીંગોથી ધમધમતી રહી. જોકે સરકારી કર્મકાંડમાં અધિકારીઓ સિવાય કોઈને રસ રૂચિ વર્તાતી નહોતી. સેક્ટર-૨૪ ઈન્ફોસીટી અને કુડાસણ સિવાય ધમધમાટ ઓછો જોવા મળ્યો. શહેરનું જનજીવન શુષ્ક રીતે પસાર થતું હોય તેમ સૌના ચહેરા પર વંચાતુ હતુ.

**ડિઝીટલ ક્રાંતિ પણ નેટવર્ક ક્યાં..?!**

મુખ્યમંત્રી આજે સવારે ડીઝીટલ ક્રાંતિ માટે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ડિઝીટલ સેવાસેતુનું લોકાર્પણ કર્યુ. ગાંધીનગર જિલ્લાના ૪૪ ગામોમાં ૨૨ થી વધુ સરકારી સેવાઓને સાંકળી લેતો પ્રોજેક્ટ આંરભાયો. પરંતુ ખાટલે ખોડ કનેક્ટીવીટીનો છે. ગાંધીનગર કે ગ્રામીણ વિસ્તારોમાં નેટના ધાંધીયા એટલા વ્યાપક પ્રમાણમાં છે કે સામાન્યમાં સામાન્ય મોબાઈલ એપ્લીકેશન ચાલતી નથી. ઓનલાઈન શિક્ષણ... ઓનલાઈન સેમિનાર અને ઓનલાઈન સરકારી-બિનસરકારી કાર્યક્રમોના કારણે નેટનો વપરાશ ક્ષમતા કરતાં પણ વધુ થતાં ૫૦ ટકા મોબાઈલ ધારકો હાલાકી ભોગવે છે. ડિઝીટલ ગુજરાત બનાવવા વાયફાયની સરળતાથી ઉપલબ્ધી અનિવાર્ય છે.

**શક્તિવર્ધક જ્યુસની બોલબાલા વધી**

અનલોક-૪ થી શહેરમાં સવાર-સાંજ ચાલનારાઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધી ગઈ છે. ખાસ કરીને મોર્નિંગ વોકર્સની સંખ્યા બમણી થતાં શક્તિવર્ધક જ્યુસનો ધંધો બેવડાયો છે. લીંબુ-મોસંબી-નારંગી-કારેલા-સરગવો-દૂધી-આદુ-હળદર વગેરે વગેરેના જ્યુસ ઠેર ઠેર વેચાય છે. સવારે ૬ થી ૮ અને સાંજે ૭ થી ૮ દરમિયાન સે. ૧ તળાવ-સરિતાઉદ્યાન-પુનિતવન- સ્વર્ણિમપાર્ક અને ચ-૦ સર્કલ પાસે રોગ પ્રતિકારક શક્તિવર્ધક જ્યુસનો ધંધો ધમધોકાર ચાલે છે. આ છે કોરોનાની ઉજ્જવળ બાજુ.

**સોનાની થાળીમાં લોઢાની મેખ**

પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વૈભવ વચ્ચે ઉછરી રહેલું ગાંધીનગર સ્માર્ટસીટી બની રહ્યું છે. ત્યારે ગંદકી, દબાણ અને રખડતા ઢોર સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ ખટકે છે. લાખ્ખો રૂપિયાના ખર્ચે સફાઈ અભિયાનો ચાલે છે. સફાઈ માટે જાતજાતના પ્રોજેક્ટ અમલમાં છે, પરંતુ શહેરમાં અનેક સ્થાનો પર કચરાના ઢગલા હજુ પણ ખટકે છે. એવી જ રીતે રખડતા ઢોર ગમે ત્યારે ને ગમે ત્યાં વાહનચાલકોને મુંઝવે એટલું જ નહિ પણ ગંદકી વધારવામાં પુરક બને છે. અને દબાણો તો ગાંધીનગરને મળેલા વરદાનનો ભાગ હોય તેમ કોઈ ખસેડી શકતુ નથી. કોઈ ખસી શકતા નથી. ને રાજાની કુંવરીની જેમ રાત્રે ના વધે એટલા દિવસે વધે છે અને દિવસે ના વધે તેટલા રાત્રે વધે છે.

**કોરોના બધે ઘટે છે ને ગાંધીનગરમાં વધે છે**

ભારત અને ગુજરાતના અનેક શહેરોમાં કોરોનાના કેસ લગભગ ઘટી રહ્યા છે ક્યાંક ૧૦ ટકા તો ક્યાંક ૨૦ ટકા ઘટાડો દેખાય છે. પણ રહી રહીને ગાંધીનગરમાં કેસ નોંધપાત્ર રીતે વધી રહ્યા છે. શહેરમાં સત્તાવાર આંકડા મુજબ ગઈકાલે ૨૩ કેસ નોંધાયા હતા. જે અગાઉ ૫ થી ૧૫ ની વચ્ચે હતાં જ્યારે બિનસત્તાવાર આંકડો તો ૬૦ થી ૭૦ ઉપર પહોંચ્યો છે. એટલે ગાંધીનગરમાં છેલ્લા રાઉન્ડમાં વધતા કેસ ચિંતાજનક સ્થિતિએ પહોંચી રહ્યા છે. સત્તાવાર આંકડા કરતાં બે ગણા કેસ બિનસત્તાવાર રીતે ઘરે જ સારવાર લઈ રહ્યા છે.

**આજનો 'અર્ક'...**

આથમતા સુરજની ખાસિયત એ છે કે એને આથમીને ઉગતા આવડે છે.

# વરસાદમાં ધોવાણ થતા શહેરના મુખ્યમાર્ગો પર પેવરકામ હાથ ધરાયુ

**મુખ્યમાર્ગો પર જે ભાગ ઉબડ ખાબડ હોય તેવા ઠેકાણે ડામરકામ કરી થાગડ થીગડ કરવામાં આવી રહ્યુ છે : વરસાદના લીધે માર્ગોને નુકશાન થતા તંત્રએ ઓછા ખર્ચે માર્ગોની મરામત હાથ ધરી**



ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં સતત વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. વરસાદે વિરામ લેતા તંત્ર દ્વારા પ્રથમ તબક્કામાં માર્ગો પર ગાબડા પુરવાનુ કામ હાથ ધરાયુ હતુ જયારે હાલ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા સાથે મુખ્યમાર્ગોનુ પેવર કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે મુખ્યમાર્ગો પર જે ભાગમાં માર્ગોની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ હોય તેવા વિસ્તારમાં જ ડામરકામ કરવામાં આવી રહ્યુ છે. માર્ગોને રૂપાળા દેખાડવા માટે તંત્રએ થાગડ થીગડની કામગીરી હાથ ધરી છે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે માર્ગોની દશા ખરાબ થઈ છે. સેકટરોના આંતરિક માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. સતત વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. આવા સંજોગોમાં વરસાદી દિવસોના અંતે સેકટરોમાં માર્ગોની હાલત અત્યંત ખરાબ હોય તે સ્થિતિને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં સે-૧૭ અને સે-૧૯ ઉપરાંત સે-૨૪ થી સે-૨૭ માં પણ આંતરિક માર્ગોની દશા સુધારવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત ૮ કરોડનો ખર્ચ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# સત્તા પરિવર્તન પછી આજે તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૮

સત્તા પરિવર્તન પછી આજે ગાંધીનગર તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા નવા વરાયેલા પ્રમુખ ગોપાલજી ઠાકોરના અધ્યક્ષપદે મળશે.

સવારે ૧૧ વાગે તાલુકા પંચાયત કચેરીના બેઠક ખંડમાં આ સામાન્ય સભાનું આયોજન કરાયુ છે. ૨૭ સભ્યો ધરાવતી તાલુકા પંચાયતની આ બેઠકમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવામાં આવશે. અઢી વર્ષ બાદ ભાજપ તાલુકા પંચાયતમાં વિપક્ષ તરીકે બેસશે.

તાલુકા પંચાયતની આજે મળનારી બેઠકમાં ૨૦૨૦-૨૧ના વિકાસ કામો અંગેનો મુદ્દો રાજકીય ગરમાવો પેદા કરશે તેવુ મનાઈ રહ્યુ છે. જેમાં ભાજપે બહુમતિથી સૂચવેલા કામો રદ કરવાની વાત છે તેમજ નવા કામો સૂચવવાનો મુદ્દો છે.

આ બેઠકમાં કોંગ્રેસ દ્વારા કારોબારી સમિતિ તેમજ સામાજિક ન્યાય સમિતિની ખાલી પડેલી જગ્યાઓ ભરશે એટલુ જ નહિ કારોબારી સમિતિને સત્તા સોંપણી અંગેનો ઠરાવ પણ પસાર કરે તેવી શક્યતા છે. આ બન્ને મુદ્દા એજન્ડામાં સમાવવામાં આવ્યા છે.

સામાન્ય સભાને લઈ તંત્ર દ્વારા પુરતી તૈયારીઓ કરવામાં આવી છે. જો કે નવા વરાયેલા પ્રમુખના અધ્યક્ષપદે પ્રથમ બેઠક છે અને તાલુકામાં કોરોનાનું સંક્રમણ જે રીતે વધ્યુ છે તેને લઈ સભ્યોની હાજરી અંગે પણ અનેક તર્કવિતર્ક રાજકીય વર્તુળોમાં ચાલી રહ્યા છે.

પંચાયતોની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે ગાંધીનગર તાલુકા પંચાયતની આ બેઠકને લઈ રાજકીય વર્તુળોમાં પણ ઉત્તેજના છવાયેલી જોવા મળી રહી છે.

# જિલ્લામાં કપાસ-એરંડાની આવક માર્કેટ યાર્ડોમાં શરૂ થઈ

**મગફળીની નવરાત્રી શરૂ થતાં આવક થશે તેવા અંદાજો**

ગાંધીનગર, તા. ૮

ખરીફ સિઝન પૂર્ણ થતાં જ માર્કેટ યાર્ડમાં નવા પાકોની આવક શરૂ થઈ છે. કપાસ અને એરંડાની આવકો સારી થઈ રહી છે. જોકે કપાસનો ભાવ ૭૦૦ થી ૯૦૦ની વચ્ચે રહેતો હોવાથી ખેડૂતોમાં થોડીક નિરાશા જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે માણસા માર્કેટ યાર્ડમાં તલ અને ચણાના ભાવ સારા મળી રહ્યા છે. એરંડાના ભાવ પણ ૮૧૦ ની આસપાસ જોવા મળ્યા છે. કપાસના ભાવમાં સતત વધ-ઘટ જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે કપાસ, એરંડાની આવક વધુ છે. ઘઉંની આવક પણ જોવા મળી રહી છે. તલ, ગવાર અને ચણાની આવક પણ ઘણી ઓછી છે. માણસા માર્કેટ યાર્ડમાં હાલ સરેરાશ ૩૯૦૦ થી ૪ હજાર જેટલી બોરીની આવકો આ પાકની જોવા મળી રહી છે જેમાં કપાસ અને એરંડાની ૩૦૦૦ જેટલી બોરી હોય છે.

આ માર્કેટ યાર્ડમાં શાકભાજીના પાકોની પણ આવક શરૂ થઈ ગઈ છે. ભીંડા, દૂધી, રિંગણ, ભટ્ટા, રવૈયા, ચોળી, મરચા, ગવાર, લીંબુની આવક સારી એવી જણાઈ છે.

એવુ મનાઈ રહ્યુ છે કે મગફળીનું જિલ્લામાં જે વિક્રમી વાવેતર થયુ છે તે કાઢવાનું કામ શરૂ થયુ છે પણ બજારોમાં નવરાત્રીથી તેની આવક શરૂ થશે. જો કે રાજય સરકારે પણ મગફળીની ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરી છે. તે પણ ૧લી નવેમ્બરથી શરૂ થવાની છે હાલ આ માટે રજીસ્ટ્રેશનની કામગીરી ચાલી રહી છે.

જિલ્લામાં નવરાત્રી પછી માર્કેટ યાર્ડોમાં લગભગ તમામ પાકોની આવક શરૂ થતાં તે ધમધમવા લાગશે.

# નવા ભળેલા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનું બિલ હવે મહાનગર પાલિકા ભરશે

**નવા વીજ મીટર પણ મહાપાલિકાના નામે જ લેવામાં આવશે**

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવવામાં આવેલા નવા વિસ્તારના ગામડા માટે રાહતના સમાચાર છે કે, હવે તમામ નવા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના બિલ મહાનગર પાલિકા દ્વારા ભરવામાં આવશે. પરિણામે બિલ ભરવાના નાણાના અભાવે સર્જાતી અંધારપટની સ્થિતિનો અંત આવશે. સાથે જ જ્યાં પણ નવા વીજ મીટર નાખવાના થાય તે હવેથી મહાનગર પાલિકાના નામે જ લેવામાં આવશે. મેયરશ્રી રીટાબેન પટેલ સમક્ષ આ મુદ્દે રજૂઆત થયાના પગલે ઉપરોક્ત નિર્ણય લેવાયો છે.

ગુડાની રચના થઈ ત્યારથી ગુડા વિસ્તારમાં લગાવવામાં આવતી સ્ટ્રીટ લાઈટનું બિલ ગુડા ભરી શકતું નહોતું અને ઘણી ખરી ગ્રામ પંચાયતો પણ બિલ ભરવા તૈયાર હતી નહીં.

હવે આ વિસ્તારમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન લાઈટ બિલ ભરશે. મહાનગર પાલિકા દ્વારા લેવાયેલા આનિર્ણયના કારણે જ્યાં સ્ટ્રીટ લાઈટ નથી ત્યાં લગાવવાનું આસાન થઈ જશે.

# શહેરમાં વધુ ૨૧ કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૧ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૪૬૭ થઈ છે.

છેલ્લા બે દિવસમાં જ ૪૪ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. શહેરમાં કોરોનામાં સપડાયેલા મોટાભાગના દર્દીઓ દર્દીઓની સંખ્યા પણ સારી એવી છે. શહેરમાં જે રીતે કોરોનાના કેસો વધી રહ્યા છે તે કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકાને વધુને વધુ દૃઢ બનાવે છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી રહી છે. નવા સેક્ટરો કોરોના માટે વધુ ને વધુ સંવેદનશીલ બની રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

**આજે સે. ૫ માંથી ૨, સે. ૨૯ માંથી ૨, સે. ૨૧ માંથી, સે. ૩ માંથી ૩, સે. ૧૩ માંથી ૩ કેસ ઉપરાંત સે. ૧૭, ૨૨, ૧૨, ૨૭, ૧૯, ૨૬, ૪, ૬ અને ૨૪ માંથી કેસો મળી આવ્યા**

હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા પણ વધી રહી છે.

આજે સે. ૫ માંથી ૨, સે. ૨૯ માંથી ૨, સે. ૨૧ માંથી, સે. ૩ માંથી ૩, સે. ૧૩ માંથી ૩ કેસ ઉપરાંત સે. ૧૭, ૨૨, ૧૨, ૨૭, ૧૯, ૨૬, ૪, ૬ અને ૨૪ માંથી કેસો મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં મોટી ઉંમરના દર્દીઓ ઉપરાંત યુવા

સેક્ટર-૧૭ માંથી આજે એક ૧૫ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૫ માંથી આજે બે કેસ નોંધાયા છે. ૩૯ વર્ષીય ફોટોગ્રાફર કોરોનાની ઝપટે ચડ્યો છે જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૫ માંથી એક ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામીણ વિસ્તારમાં ૧૦ વેપારી અને નવ મહિલા સહિત ૨૪ લોકો સંક્રમિત થયા : ૪ વર્ષની દિકરી પણ કોરોનાગ્રસ્ત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક જ દિવસમાં ૨૪ કેસ નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સંક્રમણના કેસોમાં આવેલા ઉછાળાથી તંત્રમાં ચિંતાનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. જેમાં મોટી વયના દર્દીઓની સંખ્યા પણ વધુ જોવા મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે.

**ગાંધીનગરમાં ૮, કલોલમાં ૯, માણસામાં ૪ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા : ૨૦૧૭ લોકો કોરોનામુક્ત થયા**

આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દી અને ૧૦ જેટલા વેપારીઓ કોરોનાની ઝપટે ચડ્યા છે. કલોલમાં પુનઃ કોરોનાએ આક્રમક રૂપ ધારણ કર્યુ છે. દહેગામ અને માણસામાં પણ જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૩, માણસામાં ૪ અને કલોલમાં ૯ કેસ મળી આવ્યા છે. એક સપ્તાહ બાદ કેસમાં જે રીતે ઉછાળો આવ્યો છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકસેલ અડાલજમાં કોરોના થોભવાનું નામ લેતો જ નથી. આજે અહિથી બે કેસ મળી આવ્યા છે. આ બન્ને દર્દીની આયુ ૭૦ થી વધુ છે. બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અહિથી ૭૨ વર્ષીય વેપારી, તેમજ ૭૮ વર્ષીય વેપારમાંથી નિવૃત્ત થયેલા પુરૂષના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

ભાટ ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૪ વર્ષની બાળકી અને ૩૧ વર્ષીય વેપારીનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૧ ક્રિકેટ સ્ટેડિયમનુ બીજા તબક્કાનુ કામ હવે શરૂ કરાશે

**પીચ અને મેદાન તૈયાર : ફેઇઝ ટુ અન્વયે ખેલાડીઓ માટે રૂમ, પાર્કીંગ તેમજ સ્ટેડિયમની બેઠક વ્યવસ્થા આખરી થશે : ૩૫૦૦ ક્રિકેટ પ્રેમીઓ બેસીને મેચ નિહાળી શકશે**

ગાંધીનગર તા ૮

સે-૨૧ જીમખાનાના ક્રીકેટ સ્ટેડિયમને નવા રૂપરંગ આપવા માટે અત્યાર સુધી પીચ તેમજ મેદાનને લગતી જરૂરી કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. રણજી ટ્રોફી કક્ષાની મેચ આ મેદાન પર રમી શકાય તે મુજબની પેટર્ન પર પીચ તૈયાર કરવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં હવે બીજા તબક્કાની કામગીરી હાથ ધરાશે. જેમાં ખેલાડીઓ અને અધિકારીઓ માટે નવા રૂમ બનશે આ ઉપરાંત પાર્કીંગ તેમજ સ્ટેડિયમની બેઠક વ્યવસ્થા પણ આખરી કરાશે. આ ક્રીકેટ સ્ટેડિયમમાં અંદાજિત ૩૫૦૦ જેટલા ક્રીકેટપ્રેમીઓ બેસી શકે તે મુજબની બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સે-૨૧ જીમખાના ક્રીકેટ સ્ટેડિયમનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે. જો કે હજુ બે વર્ષના અંતે પણ આ પ્રોજેકટ પુર્ણ થયો નથી. આ પ્રોજેકટના ફેઈઝ વનમાં પીચ અને મેદાનનુ કામ હાથ ધરાયુ હતુ દેશના પીચ નિષ્ણાંતો દ્વારા પીચ તૈયાર કરવા માટે અભિપ્રાય આપવામાં આવ્યો હતો ત્યારબાદ તંત્ર દ્વારા સ્થળ સ્થિતિનો અભ્યાસ કરીને પીચ તેમજ મેદાન તૈયાર કરવામાં આવ્યુ છે. જીમખાના મેદાનને રણજીટ્રોફી કક્ષાની મેચ રમી શકાય તે મુજબ ડેવલપ કરવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જયારે હવે આ સ્ટેડિયમને અનુલક્ષી ફેઈઝ -૨ નુ કામ પણ આગામી દિવસોમાં શરૂ કરી દેવાશે. પ્રથમ તબક્કાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ કોરોનાની મહામારીના લીધે બીજા તબક્કાની કાર્યયોજના હજુ આખરી થઈ નથી. કોરોનાના લોકડાઉન તેમજ હાલની સ્થિતિના લીધે પ્રોજેકટનુ કામ બંધ છે. જયારે હવે બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી આયોજન કરવામાં આવી રહ્યુ છે. સ્ટેડિયમને નિખારવા માટે ફેઈઝ ટુ અન્વયે ખેલાડીઓ માટેના ગ્રીનરૂમ ઉપરાંત અધિકારીઓ

● અનુસંધાન પાન-૭ પર

## ટેલિફોનિક બેસણું



સ્વ.હરિપ્રસાદ સુખદેવજી ભટ્ટ
સ્વ. તા. ૫/૧/૨૦૨૦

અમારા પિતાશ્રી **હરિપ્રસાદ (મૂળશંકર ભાઈ) સુખદેવજી ભટ્ટ** (રાજગોર - પેથાપુર) તા. ૫/૧૦/૨૦૨૦ને સોમવારે દેવલોક પામ્યા છે. **હાલની કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે લૌકિક ક્રિયા તેમજ બેસણું રાખેલ નથી.** પરંતુ આપ આપના નિવાસસ્થાનેથી સદગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરશો તેવી અમારા પરિવારની વિનંતી છે.

લી.

ગં.સ્વ જશોદાબેન હરિપ્રસાદ ભટ્ટ (પત્નિ)
ભરતકુમાર હરિપ્રસાદ ભટ્ટ (પુત્ર)
મિતેશકુમાર અશ્વિનભાઈ ભટ્ટ (ભત્રીજા)
દીપકકુમાર હરિપ્રસાદ ભટ્ટ (પુત્ર)
સ્વ. ભાવનાબેન પ્રવિણચંદ્ર શુક્લ (પુત્રી)
મિલન દીપકકુમાર ભટ્ટ (પૌત્ર)
ફાલ્ગુની સંજય કુમાર ત્રિવેદી (ભાણી)

Mo. 7984528096, 8140927443, 7202069964

સાસરી પક્ષ - વિષ્ણુપ્રસાદ માણેકલાલ ત્રિવેદી તથા વિનોદકુમાર માણેકલાલ ત્રિવેદી - બલવા (હાલ સાબરમતી અમદાવાદ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લક્વો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com